જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૬/૨૦૧૫ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૨૭૫/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૪૮૫ લીટર દેશી દારૂ, ૪૧ બોટલ ઇગ્લીશ દારૂ, ૧૨ બિયર ટીન, ૧ ઓટોરિક્ષા અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૨ વ્યક્તિઓને ઝડપી ૧૬ વ્યક્તિઓને ઝડપી રોક્ડ રૂપિયા ૨૩,૨૧૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૭૬/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૩૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**દુષ્પ્રેરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૨૭૭/૧૫**

**એલીસબ્રીજ** : કુંદનભાઈ બચુભાઈ વણોલ (રહે. આંબેડકર કોલોની ભુદરપુરા રોડ આંબાવાડી) એ તા.૨૨/૬/૧૫ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાની બહેન સુમનબહેન જતીનભાઇ સોલંકી (ઉ.વ.30) એ સુમનબહેનના પતિ જયંતીભાઈ ઉર્ફે જતીનભાઈ મગનભાઈ સોલંકી ના શારીરીક તેમજ માનસીક ત્રાસના કારણે તા.૯/૬/૧૫ નારોજ ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી જી વાઘેલા ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૨૭૮/૧૫**

**રાણીપઃ** સલીમ ચમનબાબુ શેખ (રહે.ખેમચંદની ચાલી સંગીતા ફર્નિચર પાછળ નરોડા પાટીયા) એ કે તા.૧૮/૬/૧૫ સવારના ૧૦/૦૦ વાગે સુભાષબ્રિજ આર ટી ઓ કમ્પાઉન્ડમાં ઓટોરિક્ષા નંબર જીજે ૧ સી ઝેડ ૧૫૩૨ કિમત રૂપિયા ૬૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી બપોરના ૧/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ સલીમ શેખે તા.૨૨/૬/૧૫ નારોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી નરેન્દ્રસિહ કેસરીસિહ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૨૭૯/૧૫**

**સોલા હાઇકોર્ટઃ** રામીબહેન લાલજીભાઈ પરમાર (ઉ.વ.૬૦) (રહે.કબીર ટેકરી સ્મશાનગૃહની બાજુમાં જુના વાડજ) તા.૨૨/૬/૧૫ બપોરના ૧૨/૪૫ વાગ્યાના સુમારે ઉમિયા કેમ્પસ સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ફોર વ્હિલ ગાડી નંબર જીજે ૮ એજે ૨૪૧૭ ના ચાલકે ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી રામીબહેનને ટક્કર મારી નાસી ગયો હતો. રામીબહેનને ગંભીર ઇજાઓ થતાં તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ રામીબહેનના પુત્ર પ્રેમજીભાઈએ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી જી ડાભી ચલાવે છે.

**કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૨૮૦/૧૫**

**દાણીલીમડાઃ** ગજેન્દ્ર રાવજીભાઈ નીનામા (ઉ.વ.૨૬) (રહે.હાડીયાવાળી ચાલી મજુરગામ) તા.૨૨/૬/૧૫ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે દાણીલીમડા બોમ્બે હોટલ ન્યુ ફેસલનગર ખાતે કડીયા કામ કરતા હતા ત્યારે ઈલેક્ટ્રીક કરંટ લાગ્યો હતો. સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સાંજના ૭/૧૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો. શ્રી મગનભાઈ સબળાજી ચલાવે છે.

**ગુમ થવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૧૨૮૧/૧૫**

| | |
|---|---|
| **ગોમતીપુરઃ** હિમતભાઈ જયરામભાઈ ચૌહાણ (ઉ.વ.૩૪) (રહે.મ્યુ હેલ્થ સ્ટાફ ક્વાર્ટર કામદાર મેદાન ગોમતીપુર) તા.૨૪/૫/૧૫ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મજબુત બાંધાના અને રંગે ગોરા છે. આસમનાઈ રંગનુ શર્ટ અને છીંકણી રંગનુ પેન્ટ પહેર્યુ છે. જમણી આંખ પાસે જુનુ વાગેલાનુ નિશાન છે. ઉંચાઇ ૫ ફુટ ૫ ઈંચ છે. (ગોમતીપુર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૯૪૧૯૨૧) |   |
| **ખોખરાઃ** પિયુષ મણીભાઈ પરમાર (ઉ.વ.૩૮)(રહે.શક્તિપાર્ક પવનચક્કી રોડ મેઘાણીનગર સોસાયટી પાસે નડીયાદ) તા.૧૫/૫/૧૫ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે ખોખરા વિસ્તારમાંથી ગુમ થયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. બ્રાઉન રંગનુ લીટીવાળુ શર્ટ અને કાળા રંગનુ પેન્ટ પહેર્યુ છે. જમણા હાથની આંગળીઓના નખ ઉપર અંગ્રેજીમાં જાન લખાવેલ છે. ઉંચાઈ ૫ ફુટ ૫ ઇંચ છે.(ખોખરા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૭૬૧૧૬૮) |  |
| **ઘાટલોડીયાઃ** રૂપલબહેન ઉર્ફે ટીનાબહેન રાજેન્દ્રભાઈ પટેલ (ઉ.વ.૪૦)(રહે. ન્યુ સતધાર કોમ્પલેક્ષ હીરાબાગ-૧ ની બાજુમાં ભુયંગદેવ ઘાટલોડીયા) તા.૨૨/૫/૧૫ કલાક ૬/૦૦ વાગ્યાના સુમારેથી ગુમ થયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. પંજાબી ડ્રેસ પહેર્યો છે. ઉંચાઈ ૫ ફુટ ૫ ઈંચ છે. (ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૪૮૯૧૨૭) |  |



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

| | |
|---|---|
| **સાબરમતીઃ** અંકીતાબહેન સુરેશભાઈ શ્રીમાળી (ઉ.વ.૧૬)(રહે. ગાંધીવાસ રામાપીરના મંદિરની બાજુમાં સાબરમતી) તા.૨૪/૫/૧૫ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારેથી ગુમ થયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. રાણી રંગનો પંજાબી ડ્રેસ પહેર્યો છે. ડાબા હાથની કોણીના ભાગે લાખુ છે. ઉંચાઈ ૪ ફુટ છે. (સાબરમતી પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૫૦૬૮૧૯) |  |
| **ઈસનપુરઃ** શિમ્પીબહેન શિવકુમાર કુર્મી (ઉ.વ.૧૮) (રહે.કિર્તિનગર નારોલ ગામ વટવા) તા.૨૩/૫/૧૫ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે થી ક્યાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. સફેદ રંગનુ ટોપ અને વાદળી રંગનો પાયજામો પહેર્યો છે. ઉંચાઇ ૪ ફુટ ૭ ઈંચ છે. (ઈસનપુર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૪૩૦૧૮૦) |  |
| **નરોડાઃ** પિયુષ નારણભાઈ પ્રજાપતિ (ઉ.વ.૨૬) (રહે. ગાયત્રી સોસાયટી કુબેરેશ્વર મહાદેવ સામે સૈજપુર) તા.૧૫/૫/૧૫ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. કાળા રંગનુ શર્ટ અને આછા લીલા રંગનુ કોટન-જીન્સ પેન્ટ પહેર્યુ છે. જમણા હાથની કલાઈ ઉપર અંગ્રેજીમાં પિયુષ કોતરાવેલ છે. ઉંચાઈ ૫ ફુટ ૫ ઈંચ છે. (નરોડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૧૫૮૧૪) |  |
| **વેજલપુરઃ** રસુલખાન નિઝામખાન પઠાણ (ઉ.વ.૩૭) (રહે.એમ આઝાદપાર્ક મારવેલ બેકરીની સામે જુહાપુરા) તા.૧૭/૫/૧૫ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારેથી ગુમ થયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. મહેદી રંગનુ ચોકળીવાળા પેન્ટ-શર્ટ પહેર્યા છે. ઉંચાઈ ૫ ફુટ ૫ ઈંચ છે. (વેજલપુર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૬૮૧૦૬૧૪) |  |
| **સોલા હાઈકોર્ટઃ** જાનવી નથુભાઈ પટેલ (ઉ.વ.૧૫) (રહે.વિભાગ-૧ કૃષ્ણનગર સોસાયટી જગતપુર રોડ ચાંદલોડીયા) તા.૩૦/૪/૧૫ કલાક ૧૦/૩૦ વાગ્યાથી ગુમ થયા છે. જાડા બાંધાના અને ઘઉવર્ણા છે. ક્રિમ રંગની સાડી અને વાદળી રંગનુ બ્લાઉઝ પહેર્યુ છે. જમણા હાથની કલાઈ ઉપર અંગ્રેજીમાં જાનુ કોતરાવેલ છે. ઉંચાઈ ૫ ફુટ છે. ( સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૬૬૪૫૯૦) |  |
| **સોલા હાઈકોર્ટઃ** હીનાબહેન પરેશભાઈ સોલંકી (ઉ.વ.૧૯) (રહે.સાયન્સ સીટી રોડ દેવસૃષ્ટી એપાર્ટમેન્ટ પાછળ ગોતા) તા.૧૩/૫/૧૫ કલાક ૮/૦૦ વાગ્યાથી ગુમ થયા છે. પાતળા બાંધાના અને શ્યામવર્ણા છે. વાદળી રંગનો પંજાબી ડ્રેસ પહેર્યો છે. ડાબા હાથની ત્રીજી આંગળી ઉપર અંગ્રેજીમાં એચ પી કોતરાવેલ છે. ઉંચાઈ ૪ ફુટ ૮ ઈંચ છે. ( સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૬૬૪૫૯૦) |  |

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)